# ફોટોગ્રાફી પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત ઐતિહાસિક કિલ્લા સ્થિત આર્ટ ગેલેરીમાં તા. ૦૪ થી ૨૦ એપ્રિલ, ૨૦૨૫ સુધી 'SURAT'S HISTORICAL FORT THROUGH PHOTOGRAPHS' પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શન તા.૧૮ એપ્રિલના રોજ દર વર્ષે વૈશ્વિક ધોરણે 'INTERNATIONAL DAY FOR MONUMENTS AND SITES' તેમજ 'WORLD HERITAGE DAY' ઉજવવામાં આવતો હોય, જેને લક્ષમાં રાખીને આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનના ભાગરૂપે અગાઉ વર્ષ ૨૦૧૯ માં સુરત મહાનગરપાલિકા સંચાલીત ઐતિહાસિક કિલ્લા પર આધારિત 'નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન' દરમ્યાન પ્રદર્શિત બ્લેક એન્ડ વ્હાઈટ તેમજ કલર ફોટોગ્રાફ્સ પૈકી અમુક ફોટોગ્રાફ્સનું આયોજનબધ્ધ રીતે પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. મુલાકાતીઓ આ પ્રદર્શન ઐતિહાસિક કિલ્લા ખાતે આર્ટ ગેલેરી કમ એક્ઝિબીશન હોલમાં  તા. ૦૪ થી ૨૦ એપ્રીલ, ૨૦૨૫ સુધી વિનામૂલ્યે નિહાળી શકશે.

**પ્રદર્શનનો સમય**

તા. ૦૪ થી ૦૬ એપ્રિલ, ૨૦૨૫, તા. ૦૮ થી ૧૩ એપ્રિલ, ૨૦૨૫ અને તા. ૧૫ થી ૨૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ થી ૦૫:૩૦ કલાક સુધી

તા. ૦૭ એપ્રિલ, ૨૦૨૫ અને તા. ૧૪ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ કિલ્લો તથા પ્રદર્શન બંધ રહેશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર રવાના સમાચાર યાદી
પી. આર.ઓ. નં. ૦૩
તા.૦૪/૦૩/૨૦૨૫